સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રોના વીજબીલના નાણાંની ચુકવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૮/૧૩૬/બ
સચિવાલયગાંધીનગર
તા.૦૭/૦૨/૨૦૧૯

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૩/૨૩૯૨/બ, તા.૧૧/૦૪/૨૦૦૭
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૧૩૬/બ, તા.૧૧/૦૪/૨૦૧૮
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: એન-૩/બાંધકામ/આઈસીડીએસ/વીજબીલ/એડવાન્સ/ગ્રાન્ટ/ઠરાવ/૨૩૫૫૮૯/૯૦/૨૦૧૮, તા.૧૪/૧૨/૨૦૧૮

પૂર્વભૂમિકા:-

આમુખ-૧ થી ભારત સરકારે આંગણવાડી કેન્દ્ર માટે નક્કી કરેલા ભાડાના દરની સૂચના પરીપત્રિત કરેલ હતી. આમુખ-૨ થી મહિલા અને બાળ વિકાસ હસ્તકની પોતાનું મકાન ધરાવતી આંગણવાડી કેન્દ્રોમાં વીજળી બીલની ચુકવણી કરવા માટે નવી નીતિ નિર્ધારિત કરવામાં આવી હતી. વીજળી બીલના નાણાની ચુકવણી દર ત્રણ માસે નિયામકશ્રી (આઈસીડીએસ) દ્વારા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જે એજન્સી સૂચવવામાં આવે તેને કરવાની જોગવાઈ કરવામાં આવી હતી.

આમુખ-૩ થી કરેલ દરખાસ્ત અનુસાર આમુખ-૨ માં ટોરેન્ટ પાવર લી. નો સમાવેશ થતો ન હોઈ તથા અમદાવાદ, ગાંધીનગર અને સુરત જિલ્લાની આંગણવાડીઓનો વીજ પુરવઠો સ્થગિત ન થાય એ માટે એડવાન્સ વીજબીલના ચુકવણા માટે ટોરેન્ટ પાવર લી.નો સમાવેશ આમુખ-૨ માં કરવા વિનંતી કરેલ છે.

ઠરાવ:-

આ અંગે પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ વિકાસ યોજના સંચાલિત પોતાનું મકાન ધરાવતી ટોરેન્ટ પાવર લી.ના વિસ્તારની આંગણવાડી કેન્દ્રોમાં વીજળી બીલની ચુકવણી કરવા માટે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વીજળી બીલના નાણાની ચુકવણી દરેક આંગણવાડી દીઠ રૂ.૩૦૦/- પ્રતિમાસ લેખે ટોરેન્ટ પાવર લી. હેઠળની આંગણવાડીઓ માટે ચાર મહિનાના એડવાન્સ સ્વરૂપે રૂ.૩,૬૦,૦૦૦/- ની રકમ ટોરેન્ટ પાવર લી.ને ચૂકવવાની રહેશે. આ ચુકવણીમાં સંકલિત બાળ વિકાસ યોજના સંચાલિત પોતાનું મકાન ધરાવતા ટોરેન્ટ પાવર લી. વીજ વીતરણ કંપની હેઠળ આવતા આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થશે. આ વ્યવસ્થા પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તેની સમીક્ષા કરવાની રહેશે.

(૨) ટોરેન્ટ પાવર લી. દ્વારા દરેક આંગણવાડી કેન્દ્રોના મીટરનું રીડીંગ કરવાનું રહેશે, પરંતુ વ્યક્તિગત આંગણવાડી કેન્દ્રોને તેનું બીલ મોકલવાને બદલે નિયામકશ્રી (આઈસીડીએસ) ને સંકલિત બીલ મોકલવાનું રહેશે અને એડવાન્સની રકમ સાથે મેળવણું કરી લેવાનું રહેશે.

(3) જે રકમ એડવાન્સમાં ચુકવવામાં આવી હોય તેના કરતા બીલની રકમ વધારે હોય તો તે મુજબ વધારાની રકમનું ચુકવણું નિયામકશ્રી,આઇસીડીએસ દ્વારા કરવાનું રહેશે. જે રકમ ચુકવવામાં આવી હોય તેના કરતા બીલની રકમ ઓછી હોય તો તે રકમ પછીના બીલમાં ટોરેન્ટ પાવર લી. દ્વારા સરભર કરવાની રહેશે.

(૪) ઉક્ત રકમનો ખર્ચ માંગણી નંબર-૧૦૬, મુખ્ય સદર ૨૨૩૬-૦૨-૮૦૦-૧૩ ની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૧/૨૦૧૯ અને સરકારશ્રીની તા.૦૧/૦૨/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર
5. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટ જનરાલશ્રી, અમદાવાદ/રાજકોટ

7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
8. નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
9. તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ......................
10. તમામ મ્યુનિસિપલ કમિશ્નર, મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી, ......................
11. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરી, જિલ્લા પંચાયત કચેરી.................
12. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી (અર્બન), આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી.................
13. નાયબ સેક્શન અધિકારી સીલેકટ ફાઇલ.
14. સિલેક્ટ ફાઈલ